અમદાવાદના મ્હે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૫ માં, મુ. અમદાવાદ.

ફોજદારી કેસ નં. ૪૭૪૩૮/૨૦

આંક– ..................

ફરીયાદી :– શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપી :– બાદલભાઈ પટેલ

ગુનો:– ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)બી, ૮૫(૧), વિગેરે મુજબ.

**– : ચુ કા દો : –**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)(બી), ૮૫(૧), વિગેરે મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલું છે.

(૨) આરોપી આજરોજ કોર્ટ રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાત્રી કરવામા આવેલ છે. આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.આથી દોષીત ઠરાવવામા આવે છે.

(૩) આરોપીએ સદરહુ ગુનાના કામે કબુલાત પુરસીસ આપી તેમાં જાહેર કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે, તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટ્ટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી, જેથી તેઓ પોતાનું તેમજ પોતાના કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરીસ્થિતિ ખરાબ હોવાને કારણે હાલનો ગુનો થઈ ગયેલ છે, તેઓએ દારુ પીધેલી હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, કે મારા મારી કરેલ નથી, આ મુજબનો તેઓ ઉપર આક્ષેપ પણ નથી, ચાર્જશીટના કોલમ નં. ૫ મા જણાવ્યા મુજબ વગર પાસ પરમીટે દારુ પીધેલી હાલતમાં છાકટા બની લથડીયા ખાતા તથા અયોગ્ય વર્તન કરતા મળી આવેલાનો આક્ષેપ છે, તેઓની આર્થિક પરીસ્થિતિ સારી નહિં હોઈ ઉપરાંત રોજગારી પણ નહિં હોઈ ટ્રાયલ ચાલતા દરમ્યાન તેઓએ અવાર નવાર આવવાની જરુર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરુરીયાત રહે, તેઓને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરાવાઈ જાય, જે તમામ હકીકતો ધ્યાનમાં લઈ તેઓનો પ્રથમ ગુનો હોઈ તેઓ પોતાની ભુલ સુધારવા માગતા હોઈ તેમજ કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાંનો વ્યય થતો અટકાવવાના ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩.૧) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષ્યમાં લેતા વગર પાસ પરમીટે છાકટા બની લથડીયા ખાતો હોવા સંદર્ભનો આક્ષેપ આરોપી વિરુધ્ધ છે. આરોપી વિરુધ્ધ ફરીયાદપક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે, દારુ પીધેલી હાલતમાં કોઈની સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરેલ હોય આરોપી સામે અગાઉ આવો કોઈ ગુનો નોધાયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપીની અગાઉ કોઈ ગુનામા સજા થયેલ હોય તેવુ પણ ચાર્જશીટમા જણાવેલ

નથી. આરોપી ગુનાહીત ઈતીહાસ ધરાવતા હોય તેવુ જાહેર થયેલ નથી. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેદ અને સરકારી અધિકારી ત. ક. અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાન સમયમાં કોર્ટમાં પેન્ડિંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષ્યમાં લેતા ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને કેસ ફેંસલ થવાની સંભાવના નહિંવત છે. આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય ને ટ્રાયલને અંતે આરોપી કસૂરવાન ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામા આવે, તેના બદલે જો આરોપી હાલનો ગુનો કબુલે છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોઈ તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય ત્યારે રેકર્ડ પર આવેલ તમામ હકીકતો અને તમામ પરીસ્થિતિને ઘ્યાનમાં લઈ તેમજ ગુજરાત રાજય વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ, ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>– : હુ ક મ : –</u>**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહીબીશન એકટની કલમ **૬૬(૧)(બી), ૮૫(૧)** મુજબના ગુના બદલ કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂ.૫૦૦/– (અંકે રુપિયા પાંચસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. વધુમાં જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૧/૧૨/૨૦૨૧

(ડૉ.આર.એન.કરનાની),
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૫, અમદાવાદ.
જી.જે.૦૧૦૮૦